| | | |
|---|---|---|
| તારીખ : 1/11/2018 | વિષય : ગણિત | ગુણ : 80 |
| વાર : ગુરૂવાર | ધોરણ : 6 (પ્રથમ સત્ર) | સમય : 2:00 થી 5:00 |

## વિભાગ: A

**સૂચના મુજબ કરો (દરેકનો 1 ગુણ, પ્રશ્ન ક્રમ 1 થી 28)** (28)

- **પ્રશ્નક્રમ 1 થી 7 માટે સાચો ઉત્તર દર્શાવતો વિકલ્પનો ક્રમ લખો.**

1. 4, 0 અને 6 માંથી કોઇ એક જ અંકનું બે વખત પુનરાવર્તન કરીને ચાર અંકની સૌથી મોટામાં મોટી કઇ સંખ્યા બને ?

(A) 4,066 (B) 4,606 (C) 6,640 (D) 6,604

2. રોમન અંકમાં 1000 માટે કયો સંકેત વપરાય છે ?

(A) M (B) L (C) X (D) C

3. 2 અને 12 ની વચ્ચે આવતી સૌથી મોટી અવિભાજ્ય સંખ્યા કઇ છે ?

(A) 5 (B) 9 (C) 7 (D) 11

4. નીચે પૈકી કઇ સંખ્યા અવિભાજ્ય છે ?


(A) 99 (B) 29 (C) 9 (D) 39

5. 5 કલાક અને 30 મિનિટે કલાક કાંટા અને મિનિટ કાંટા વચ્ચે કેવો ખૂણો બને ?

(A) સરળકોણ (B) કાટકોણ (C) ગુરુકોણ (D) લઘુકોણ

6. સંખ્યા 9,65,421 ને નીચેનામાંથી કઇ સંખ્યા વડે નિ:શેષ ભાગી શકાય ?

(A) 2 વડે (B) 4 વડે (C) 3 વડે (D) 5 વડે

7. 

માં $\angle AOD$ નું માપ કેટલું ?

(A) 60° (B) 45° (C) 90° (D) 100°

- **પ્રશ્ન ક્રમ 8 થી 11 માં દરેક વિધાન સાચું બને તેમ ખાલી જગ્યા પૂરો.**

8. 10000 માંથી ______ બાદ કરતાં ચાર અંકની મોટામાં મોટી સંખ્યા મળે.

9. 100 લાખ = __________ મિલિયન.

10. ત્રિકોણ એ ______ બાજુવાળો બહુકોણ છે.

11. 30° - 60° - 90° ના બે કાટખૂણિયા લઇ સૌથી મોટી બાજુઓ એકબીજાને સ્પર્શે તે રીતે ગોઠવતા ________ પ્રકારનો સમાંતરબાજુ ચતુષ્કોણ બને.




Scanned by CamScanner

- **એક વાક્યમાં જવાબ આપો.** **(પ્રશ્ન ક્રમ 12 થી 19)**

12. સૌથી નાની પ્રાકૃતિક સંખ્યા કઇ છે?

13. 44 ને બે એકી અવિભાજ્ય સંખ્યાના સરવાળા તરીકે લખો.

14. એક સંખ્યા 8 વડે વિભાજ્ય છે, તો તે બીજી કઇ-કઇ સંખ્યા વડે વિભાજ્ય છે ?

15. 13 ના તમામ અવયવો લખો.

16. સમાંતર રેખાઓનું એક વ્યાવહારિક ઉદાહરણ આપો.





17. ચાર બાજુઓ ધરાવતા બહુકોણને શું કહે છે ?

18. નીચેની પરિસ્થિતિને અનુરૂપ કાચી આકૃતિ દોરો:

    બિંદુ Q એ રેખાખંડ XY પર નથી.

19. પાણીની પાઇપ કેવો આકાર ધરાવે છે ?

- **પ્રશ્નક્રમ 20 થી 23 માટે યોગ્ય જોડકાં જોડો.**

| ક્રમ | વિભાગ- અ (ખૂણાની લાક્ષણિકતા) | વિભાગ- બ (ખૂણાના પ્રકાર) |
|---|---|---|
| 20. |   | (A) કાટકોણ |
| 21. |   | (B) સરળકોણ |
| 22. |   | (C) લઘુકોણ |
| 23. |   | (D) ગુરુકોણ |
| | | (E) અભિકોણ |

- **નીચે આપેલાં વિધાનો ખરાં હોય તો તેની સામે ✓ નું નિશાન કરો અને ખોટાં હોય તો તેની સામે × ની નિશાની કરો. (પ્રશ્ન ક્રમ 24 થી 28)**

24. 35 એ સંખ્યારેખા પર 75 ની જમણી બાજુએ આવે. ( )

25. (-30) એ 30 કરતાં નાનો પૂર્ણાંક છે. ( )

26. (-2) + (-4) = 6 ( )

27. 20 + (-20) > (-25) - (-35) ( )

28. (-1000) એ સૌથી નાનો ઋણ પૂર્ણાંક છે. ( )



Scanned by CamScanner

## વિભાગ: B

- **સૂચના મુજબ કરો. (દરેકના 2 ગુણ, પ્રશ્ન ક્રમ 29 થી 39)** (22)

29. 2, 5, 1, 0 અને 3 નો ફક્ત એક જ વાર ઉપયોગ કરીને બનતી પાંચ અંકની સૌથી મોટી સંખ્યા અને પાંચ અંકની સૌથી નાની સંખ્યા વચ્ચેનો તફાવત શોધો.

30. એક રાજ્યમાં વર્ષ 2002-03માં વેચાયેલી સાઇકલની સંખ્યા 7,43,000 હતી. વર્ષ 2003-04 માં સાઇકલનું વેચાણ 8,00,100 હતું. કયા વર્ષે સાઇકલનું વેચાણ વધુ હતું? કેટલું વધુ ?

31. વિભાજનના ગુણધર્મનો ઉપયોગ કરી $12 \times 35$ શોધો.

32. નિમ્નલિખિત સ્વરૂપનું અધ્યયન કરી આગળનું એક પગથિયું લખો.

    $1 \times 8 + 1 = 9$

    $12 \times 8 + 2 = 98$

    $123 \times 8 + 3 = 987$

    $1234 \times 8 + 4 = 9876$

    __________ = ________

33. ત્રણ અંકોની સૌથી નાની સંખ્યા શોધો જે 18 અને 24 વડે વિભાજ્ય હોય.

34. ગુરુતમ સામાન્ય અવયવ શોધો

    54, 81

35. ત્રણ છોકરાઓ એક જ જગ્યાએથી એક સાથે પગ ઉપાડી ચાલવાની શરૂઆત કરે છે. એમના પગલાંનું માપ અનુક્રમે 50 સેમી, 60 સેમી અને 100 સેમી છે. એમાંથી દરેક કેટલું લઘુતમ અંતર નક્કી કરે કે જે અંતર પૂરેપૂરું પગલામાં નિશ્ચિત થઇ જાય ?

36. $\overleftrightarrow{XY}$ અને $\overleftrightarrow{PQ}$ એ એકબીજીને બિંદુ M માં છેદે છે. આ પરિસ્થિતિને અનુરૂપ કાચી આકૃતિ દોરો.

37. સાદું રૂપ આપો : $(-20) - (-30) + 10$

38. સંખ્યારેખાની મદદથી સરવાળો કરો.

    $(-2) + (-3)$

39. $\frac{5}{6}$ અને $\frac{13}{15}$ ને સરખાવો.

    **અથવા**

39. અતિસંક્ષિપ્ત રૂપ આપો. $\frac{81}{90}$



Scanned by CamScanner

## વિભાગ: C

- **સૂચના મુજબ ગણો (પ્રશ્ન ક્રમ 40 થી 45, દરેકના 3 ગુણ)** **(18)**

40. સાદું રૂપ આપો : 50 + (-32) + (-8) - 10

41. નિયમિત અષ્ટકોણની કાચી આકૃતિ દોરો. તેના કોઇપણ ત્રણ શિરોબિંદુઓને જોડી ત્રિકોણ રચો. તમે દોરેલો ત્રિકોણ કયા પ્રકારનો છે? તે કહો.

**અથવા**

41. નિયમિત ષટ્કોણની કાચી આકૃતિ દોરો. (તમે ઇચ્છો તો ચોરસ પેપરનો ઉપયોગ કરી શકો.) અષ્ટકોણના બરાબર ચાર શિરોબિંદુઓને જોડીને લંબચોરસ બનાવો.

42. એક સ્કૂલની કેન્ટિન દરરોજ ભોજન માટે ₹ 20 અને દૂધ માટે ₹ 4 લે છે. આ બાબતોમાં તમે 5 દિવસમાં કેટલાં નાણાં ખર્ચો છો ?

43. સરિતાએ $1\frac{2}{5}$ મીટરની રિબીન ખરીદી અને લલિતાએ $2\frac{3}{4}$ મીટરની રિબીન ખરીદી. તો બંનેએ કુલ કેટલા મીટર રિબીન ખરીદી કહેવાય ?

44. આશા અને સેમ્યુઅલ પાસે પુસ્તકોથી ભરાયેલા સરખા માપના બુક સેલ્ફ છે. આશાના બુક સેલ્ફનો $\frac{5}{6}$ ભાગ પુસ્તકોથી ભરાયેલો છે. જ્યારે સેમ્યુઅલના બુક સેલ્ફનો $\frac{2}{5}$ ભાગ પુસ્તકોથી ભરાયેલો છે. કોનો બુક સેલ્ફ વધારે ભરાયેલો છે ? કેટલો વધારે ?

45. $\frac{2}{3}$ ના ત્રણ સમઅપૂર્ણાંક લખો.

## વિભાગ: D

- **સૂચના મુજબ ગણો (પ્રશ્ન ક્રમ 46 થી 48, દરેક પ્રશ્નના 4 ગુણ)** **(12)**

46. નીચે આપેલ દરેક સંખ્યાની ખાલી જગ્યામાં સૌથી નાનો અને સૌથી મોટો અંક લખો. જેથી તે સંખ્યાને 3 વડે નિઃશેષ ભાગી શકાય.

    (1) _ 6724 (2) 4765 _ 2

47. વર્તુળ દોરીને દર્શાવો.

    (a) ત્રિજ્યા

    (b) વૃતાંશ

    (c) વ્યાસ

**અથવા**

47. ચતુષ્કોણ DEFG ની આકૃતિ દોરી નીચેની વિગતો લખો.

    (a) પાસપાસેના ખૂણાઓની બે જોડ

    (b) પાસપાસેની બાજુઓની જોડ

48. નીચેના દાખલા ગણો.

    (1) $\frac{1}{2} + \frac{1}{3}$

    (2) $\frac{1}{3} - \frac{1}{4}$



Scanned by CamScanner